દામકામાં જમવા બાબતે ઝગડો થતાં વેલ્ડરે ફાંસો ખાધો

સુરતઃ ચોર્યાસી તાલુકાના દામકા ગામમાં જમવા બાબતે પત્ની સાથે થયેલા ઝગડામાં પતિએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ બિહારના વતની દીપકકુમાર ભોલા શાહ (35 વર્ષ) હાલ જિલ્લાના ચોર્યાસી તાલુકાના દામકા ગામમાં આવેલ ખોબરા ફળિયામાં પરિવાર સાથે રહેતો હતો અને વેલ્ડર તરીકે કામ કરતો હતો. દિપકકુમારનો પત્ની સાથે અવારનવાર જમવા બાબતે ઝઘડો થતો હતો. ગુરુવારે રાત્રે દિપકકુમારનો પત્ની સાથે જમવા બાબતે ઝઘડો થયો હતો. મોડી રાત્રે દિપકકુમારે પત્ની અને સંતાનોને રૂમની બહાર કાઢીને તેઓએ દરવાજો બંધ કરી છતમાં લગાવેલ લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

: જાહેર નોટીસ / ચેતવણી :

શહેર સુરતનાં નાનપુરા વિસ્તારમાં ડચ ગાર્ડનની સામે આવેલ વોર્ડ નંબરઃ ૧, નોંધ નંબરઃ ૩૮૫ થી નોંધાયેલ મિલકત સંબંધે લાગતા વળગતા તથા જાહેર જનતા સંસ્થાઓને જાણવા જોગ

આથી જાહેર જનતા તથા સરકારી, અર્ધ સરકારી કચેરી, ખાનગી પેઢી, સંસ્થાઓ વિગેરે લાગતાં વળગતાં તમામ સર્વે આલમને જાહેર કરી જણાવવાનું કે, ડી.સુરત, સબ ડીસ્ટ્રીક્ટ તા.સીટી, શહેર સુરતનાં નાનપુરા વિસ્તારમાં ડચ ગાર્ડનની સામે આવેલ **વોર્ડ નંબર : ૧, નોંધ નંબર : ૩૮૫** થી નોંધાયેલી મિલકત **ડો.સરોજ શામ ભકકાએ બદરી ઈન્ફ્રાપ્રોજેક્ટસ પ્રા.લિ. એક રજીસ્ટર્ડ કંપનીનાં ડીરેક્ટર વતી અને તરફે ડિરેક્ટર મોહંમદ બદરી લેસવાલા**ને રજી.વેચાણ દસ્તાવેજથી તબદીલ કરવા પુર્વ મંજુરી મેળવવા માટેની અરજી કરેલ, તે અનુસંધાને **નાયબ કલેટર સીટી પ્રાંત, સુરત શહેરએ નં. સીટીએસ/અશાંત ધારા રજી.નં. ૨૨૬૭/૨૦૧૯, તા.૨૦/૦૩/૨૦૨૧** થી શરતોને આધિન પૂર્વતબદીલીની પરવાનગી આપતો હુકમ કરેલ છે, તે હુકમ રદ્દ કરાવવા અને/અગર ફેરતપાસમાં લેવા અમો **દિપકભાઈ બાબરભાઈ રાઠોડ, (સ્વ.બાબરભાઈ ભાણાભાઈનાં પુત્ર)**, રહેવાસી : ૧/૩૮૫, સેલ્સ ટેક્ષ ઓફિસની બાજુમાં, ડચ ગાર્ડનની સામે, રીવર ફ્રન્ટ હોટલની પાછળ, નાનપુરા, સુરતનાંએ મહે.સચિવશ્રી મહેસુલવિભાગ (વિવાદ) સાહેબ, ગાંધીનગરમાં રીવીઝન અરજી કરેલ છે, જે હાલ પેન્ડિંગ છે.

ખરેખર સદરહુ જમીનનાં માલિક **ડો.શામ સરોજ ભકકા**એ ચોર્યાસી તાલુકા પંચાયત સામે દાવો કરી એકતરફી હુકમ મેળવેલ અને તે અનુસંધાને **સ્મોલ દરખાસ્ત નં.૮/૨૦૧૪** કરેલી, જે કામે અમોને જાણ થતા અમોએ સદર દરખાસ્ત અરજીના કામે મહે.સુરતના સ્મોલ કોઝ કોર્ટના એડી.જડજ સાહેબની કોર્ટમાં હાજર થઈ **લેખિત વાંધા અરજી પણ રજૂ કરેલી** અને સદરહુ દરખાસ્તના કામે તા.૧૭/૦૧/૨૦૨૪ ના રોજ નામદાર કોર્ટે સદર કામે અમો સામે ઈસ્યુ કરવામાં આવેલ કબજા વોરંટ સ્ટે કરવાનો હુકમ કરેલ છે. સદરહુ જમીનમાં અમો **દિપકભાઈ બાબરભાઈ રાઠોડ, (સ્વ.બાબરભાઈ ભાણાભાઈનાં પુત્ર)** નો અમારા વડીલનાં સમયથી કબજો ચાલી આવેલ છે, સદર **વોર્ડ નંબર : ૧, નોંધ નંબર : ૩૮૫** થી નોંધાયેલી સુમારે ૫૦૮.૦૮.૮૩ સ.ચો.મી. ક્ષેત્રફળાળી મિલકત પૈકીનાં ભાગમાં અમો વર્ષો જૂના ભાડુઆત તરીકે કાયદેસરનો કબજો ધારણ કરીએ છીએ. સદરહુ મિલકતનાં સુરત મહાનગર પાલિકાનાં વેરા બીલમાં ઘણાં વર્ષો અગાઉથી આજ દિન સુધી સતત એકધારૂં અમારા પિતાનું નામ ચાલી આવેલ છે અને અમારા પિતાનું અવસાન થવાથી સદરહુ મિલકતનાં કાયદેસરનાં ભાડૂત કબજેદાર, ભોગવટેદાર અમો થયેલા છે અને ચાલી આવેલ છીએ. સદરહુ મિલકતમાં આજે પણ અમો અરજદારનો કાયદેસરનો ભાડૂઆત હકકે પ્રત્યક્ષ કબજો ચાલી આવેલ છે, જે હકીકતથી સદરહુ મિલકતનાં માલિક વાકેફ હોવા છતાં તેઓએ અમો કાયદેસરના ભાડુત અને કબજેદારની જાણ બહાર અને અમારી કોઈપણ જાતની પરવાનગી કે સંમતિ લીધા વિના અને અમોને અંધારામાં રાખી સદરહુ મુળ અને આખી મિલકત યાને ૫૦૮.૦૮.૮૩ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી વાળી સંપૂર્ણ મિલકતની વેચાણ સહિતની તબદીલીની કાર્યવાહી કરી નાંખેલ છે અને તેને લગત અશાંત ધારાની પરવાનગી પણ નાયબ કલેકટરશ્રી, સુરતની કચેરીમાંથી મેળવી લીધેલ છે. સદરહુ મિલકતનાં મૂળ માલીક તેમજ મિલકત ખરીદનારા એ હકીકતથી સંપુર્ણ રીતે વાકેફ હતાં કે, અમો અરજદારનો સદરહુ ૫૦૮.૦૮.૮૩ ચો.મી. ક્ષેત્રફળવાળી મિલકત પૈકીમાં કાયદેસરનો ભાડૂઆત હકકે કબજો, ભોગવટો વર્ષોથી ચાલી આવેલ હતો અને આજની તારીખે પણ અસ્તિત્વમાં છે, જેની કોઈ પણ જાતની પરવાહ કર્યા વિના એક બીજાનાં મેળાપીપણામાં અમોને યેનકેન પ્રકારે અમો કાયદેસરનાં ભાડૂઆતનાં હકકોમાં ન્યૂનતા લાવવા તથા કબજામાંથી તગેડી મુકવા અને કાયદેસરનાં કબજાથી વંચિત કરવાનાં બદઆશયથી તેવા વેચાણને લગતા વ્યવહારો કરી નાંખેલ છે, આમ સદરહુ મિલકતનાં મુળ માલીક અને તેના મિલકત વેચાણ રાખનારે અશાંત ધારાની પરવાનગી છળકપટ કરી મેળવી લીધેલ છે, પરંતુ હાલની તારીખે પણ અમોનો કાયદેસરનો કબજો વપરાશ ચાલી આવેલ છે અને અમો અમારા પરિવાર સાથે તેમાં વસવાટ કરીએ છીએ, તેમ છતાં અમો અને અમારા સહપરીવારની હાજરીની અવગણના કરી, સદરહુ મિલકતનાં કહેવાતા માલીક તેના ઉપર નવેસરથી બાંધકામ કરી દીધેલ છે, જે અંગે અમોએ અગાઉ સુરત મહાનગર પાલિકાની કચેરીમાં તા.૨૮/૧૨/૨૦૨૩ નાં રોજ લેખિત વાંધા અરજી પણ આપેલી છે અને અમોનાં વકીલશ્રી મારફતે સુરત મહાનગર પાલિકા વિગેરેને તા.૨૮/૦૨/૨૦૨૪ નાં રોજ સ્ટેચ્યુટરી નોટીસ પણ પાઠવેલી છે, તેમ છતાં યેનકેન પ્રકારે બાંધકામ કરી નાંખેલ છે. સદરહુ મિલકત પૈકી ટેનામેન્ટ નંબર : ૦૧એ–૦૭–૦૬૯૧–૦–૦૦૧ વાળી મિલકત અમોનાં કબજામાં વર્ષો જુના ભાડુત કબજેદાર તરીકે ચાલી આવેલ છે અને સદરહુ મિલકતમાં અમારા પિતા **બાબર ભાણા** તેઓનાં જન્મથી યાને સને ૧૯૪૫ નાં આસપાસથી રહેતા આવેલ છે અને તેઓનાં વડીલે સદરહુ મિલકત ભાડે રાખેલ, ત્યાર બાદ વર્ષોથી અમારા પિતાનું નામ કબજેદાર/ઓક્યુપાયર તરીકે ચાલી આવેલ છે અને હાલ પણ વેરા બીલમાં કબજેદાર (ઓક્યુપાયર) તરીકે ચાલી આવેલ છે, અને રેકર્ડ જોતાં પણ સને ૧૯૪૫ યા તે અગાઉનાં અરસાથી સદરહુ મિલકતમાં અમોનાં પિતા બાબર ભાણાનો કાયદેસર, અવિરત, સતત કબજો ચાલી આવેલ છે અને તે સંબંધીત સરકારી, અર્ધ સરકારી કચેરીનાં પુરાવાઓ અમારી પાસે ઉપલબ્ધ છે, જે **૧/૩૮૫** વાળી કુલ મિલકત પૈકી ઉપરોકત ટેનામેન્ટ નંબર વાળી મિલકતમાં હાલ પણ અમો **દિપકભાઈ બાબરભાઈ રાઠોડ, (સ્વ.બાબરભાઈ ભાણાભાઈનાં પુત્ર)** નો કબજો છે, પરંતુ હાલમાં **બદરી ઈન્ફ્રાપ્રોજેક્ટસ પ્રા.લિ. એક રજીસ્ટર્ડ કંપનીનાં ડીરેક્ટર વતી અને તરફે ડિરેક્ટર મોહંમદ બદરી લેસવાલા** અને કહેવાતા જુના જમીન માલિકે ખોટી એફીડેવીટ અને ખોટી માહીતી રજુ કરી અશાંત ધારાની પરવાનગી મેળવી છે, તે રદ્દબાતલ કરાવવા અમોએ ગૃહસચિવમાં પ્રકરણ કરેલ છે, જે હાલ પેન્ડીંગ છે. આમ સદરહુ મિલકતમાં અમારો બાપ દાદાના સમયથી જુનો, કાયદેસરનો, સતત, અવિરત કબજો, વપરાશ અને ભાડુત તરીકેના હકકો ચાલી આવેલ હોય, આ સમગ્ર પ્રોજેક્ટ, આખી મિલકત કે તેના હરકોઈ ભાગ અંગે અમો કાયદેસર કબજેદારની સહી, સંમતિ, પરવાનગી વિના કોઈપણ વ્યકિતએ ખરીદ, વેચાણ, ગીરો, બક્ષીસ, લોન, ધીરાણ, બોજા, ચાર્જ, તારણ કે કોઈપણ જાતની તબદીલીની કે કોઈપણ જાતની વહીવટ, વ્યવસ્થા અમારા હકકોને નુકશાન થાય તે રીતે કરવી કરાવવી નહી અને જો કોઈ આવા કોઈપણ વ્યવહાર કે લખાણો કરશે કે જે કોઈએ આવા કોઈ વ્યવહારો કે લખાણો કર્યા હશે તો તેઓને પણ સદરહુ મિલકતનાં કલીયર ટાઈટલ મળશે નહી અને તેઓને પણ કાનુની પ્રકરણમાં ઉતરવું પડશે, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી સૂચનાથી, દિપકભાઈ બાબરભાઈ રાઠોડ, (સ્વ.બાબરભાઈ ભાણાભાઈનાં પુત્ર) ....

તારીખ : ૨૬/૦૪/૨૦૨૬
સરનામું : ૫– અલ–મોહમદી એપાર્ટમેન્ટ, ઈન્દરપુરા બદ્રી રોડ, ઈટવાલા મસ્જિદ પાસે, સુરત. મો. ૯૮૯૮૨૯૯૭૧૯

જાવેદ એ. પરમાર
એડવોકેટ & નોટરી

જાહેર નોટીસ

મોજેઃ પોપડા, તા. ચોર્યાસી, જી. સુરતના ખાતા નંબર ૭૨, બ્લોક/સર્વે નં. ૧૧૧, જેનું કુલ્લે ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૮૮-૦૦, આકાર રૂા. ૯.૫૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક **બુધીયાભાઈ ખુશાલભાઈ, જયેશભાઈ બુધીયાભાઈ આહિર તથા મહેશભાઈ બુધીયાભાઈ આહિર** નાએ તેઓની સંયુક્ત માલીકીની તથા પ્રત્યક્ષ કરજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ, ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા-વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

અમારી સુચનાથી,

બુધીયાભાઈ ખુશાલભાઈ
જયેશભાઈ બુધીયાભાઈ આહિર
મહેશભાઈ બુધીઆભાઈ આહિર

તા. ૨૫-૦૪-૨૦૨૬ **અજય જી. પટેલ** (એડવોકેટ)
કણબી વાડ, મુ.પો. અબ્રામા, તા. જલાલપોર, જી. નવસારી. મોઃ ૯૮૨૫૫ ૩૯૪૫૪

-:: વેચાણ અંગે જાહેર નોટીસ ::-

આથી જાહેરનાને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, જીલ્લા : નવસારી, તાલુકા : ચિખલી, મોજે ગામ : સુંઠવાડ, ખાતા નં.૨૩૦, જુના બ્લોક નં.૧૭૮, રી-સર્વે બાદ નવો બ્લોક નંબર : ૧૯૩, જેનું ક્ષેત્રફળ : હે.આરે.૪-૫૪-૯૨ ચો.મી, આકાર રૂા.૩૧.૧૩ પૈસા વાળી જુની શરતની જમીન તથા તેને લાગતા વળગતા તમામ હકકો સહીતની જમીન, હાલ સ્થળ પરના કબજેદાર અને રેવન્યુ રેકર્ડ ૭+૧૨ મુજબ ગુલામમોહમદ મુસાની માલીકી, કબજા ભોગવટા હકકે ચાલી આવેલ છે. સદર રી-સર્વે બાદ નવો બ્લોક નં.૧૯૩ વાળી જમીન ગુલામભાઈ મોહમદભાઈ મુસાએ ઈસ્માઈલ અહમદ સીદાતને વેચાણથી આપેલ, જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ ગુલામભાઈ મોહમદભાઈ મુસાના કુલ મુખત્યાર સલીમ મુસા પટેલએ ઈસ્માઈલ અહમદ સીદાતને કરી આપેલ, જે દસ્તાવેજ રજી. નં.૧૯૨૫/૨૦૨૨ થી તા. ૧૧/૧૦/૨૦૨૨ ના રોજ નોંધાયેલ, જે અંગેની રેવન્યું દફતરે નોંધ નં.૩૦૯૮ દાખલ થયેલ, જે નોંધ નામંજુર થયેલ હોવાથી રેવન્યું કોર્ટમાં તકરારો ચાલી રહેલ છે. તેમજ સદર રી-સર્વે બાદ નવો નં.૧૯૩ વાળી જમીન ઈસ્માઈલ અહમદ સીદાતએ ગુલામમોહમદ મુસાભાઈ પટેલને વેચાણથી આપેલ, જે દસ્તાવેજ રજી. નં.૧૯૩૫/૨૦૨૫ થી તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ નોંધાયેલ, જે અંગેની રેવન્યું દફતરે નોંધ નં.૩૨૩૦ દાખલ થયેલ, જે નોંધ નામંજુર થયેલ હોવાથી રેવન્યું કોર્ટમાં તકરારો ચાલી રહેલ છે. જે તમામ રેવન્યું તકરારોનો નિકાલ કરી, ટાઈટલ કલીયર કરી આપવાની શરતે, ગુલામમોહમદ મુસાએ સદરહું જમીન અમારા અસીલને શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજા હિત માલીકી હકે વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી ઉપરોકત જમીનના માલીક સિવાય કોઈ વ્યકિત, બેંક, નાણાંકીય સંસ્થાના કોઈપણ હકક, હિત, હિસ્સા, માલીકી, કબજા, ભોગવટા, લાભ-ભાગ, દર-દાવા, બોજા, ચાર્જ, ખોરાકી, પોષાકીના યા જમીનની માલીકી, કબજા ભોગવટામાં ન્યુનતા થાય તેવા હકકો હોય તો, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોના ઓફિસ સરનામે લેખિત આધારો સહિત લેખીતમાં જાણ કરવી. મુદત વિત્યે મજકુર જમીન અંગે કોઈ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થાના કોઈપણ હકક, હિત, હિસ્સા, માલીકી, કબજા, ભૌગવટા, લાભ-ભાગ, દર-દાવા, બૌજા, ચાર્જ, ખોરાકી, પોખાકીના યા જમીનની માલીકી, કબજા ભોગવટામાં ન્યુનતા થાય તેવા કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તમામ જતા યાને વેવ કર્યા છે. તેમ માની કિંમતી અવેજ ચુકવી, શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે, અમારા અસીલ સદરહું જમીનના માલીકી હકકે, શાંતી ભર્યા, પ્રત્યક્ષ કબજે લઈ, તે સંલગ્ન વેચાણના જરૂરી લખાણો લખાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. જેની લાગતા, વળગતા તથા જાહેરનાએ નોંધ લેવી.

ઓફીસ : ૨૦૬, રાજદીપ કોમ્પલેક્ષ, સિંગણપોર ચાર રસ્તા,વેડરોડ, સુરત. મો. ૯૮૨૫૭-૯૧૩૯૨

મારી મારફતે
પ્રવિણ જે. ખોખાણી
તે ખરીદનારના એડવોકેટશ્રી

પિતા-પુત્રની જુગલબંધીથી થયેલા બનાવટી દસ્તાવેજ, લેન્ડ ગ્રેબીંગના ગુનાનો ઢાંકપિછોડો કરવા નાણાં ઉછીના વહેવારની વાત ૨૧ વર્ષ પછી ઉપજાવી કાઢી છે.

સુરતના અઠવાલાઈન્સ પ્રકાશ સોસાયટીના ‘સાંઈદીપ’ બંગલો નં.૧૬ ના કોર્ટમાં પેન્ડીંગ કાનૂની વિવાદ અને મારા ભાઈ અશોક રણછોડદાસ મહેતા અને ભત્રીજા સંદિપ અશોક કાપડિયાના ગેરકાનૂની કૃત્યો અને લેન્ડ ગ્રેબીંગ સહિતના ગુના અંગે મેં તા.૭/૪/૨૦૨૬ ના ‘ગુજરાતમિત્ર’ માં જાહેર ચેતવણી છપાવી હતી. તેનો મારા ભાઈ-ભત્રીજાએ તા.૨૩/૪/૨૦૨૬ નો ખોટો અને આત્મઘાતી જાહેર જવાબ આપ્યો છે. જાહેર જવાબમાં ખોટી અને કાલ્પનિક વિગતો જણાવી તેઓએ પુરાવાલક્ષી અને કાયદાની સ્થિતિના પોતાને જ વાગે તેવા અણીયાળા સવાલ ઊભા કર્યા છે.

મને એસોસીએટ સભાસદ તરીકે સ્વીકારી મારા ભાઈએ મારી સાથે અડધી જમીનના સંયુક્ત રીતે કરેલા રજીસ્ટર્ડ વેચાણના સજ્જડ પુરાવા અને કબૂલાતથી વિરૂધ્ધની કેફિયત કોર્ટ/ પોલીસ માનશે ખરી? દલીલ ખાતર, ઉછીના નાણાંનો વહેવાર હોવાનું માનવામાં આવે તો મારા ભાઈએ ૨૧ વર્ષ અગાઉ આપેલી હાથઉછીની રકમ પરત મેળવવા માટે કોઈ કાર્યવાઈ કેમ ન કરી? હાથઉછીની રકમ પરત નહીં ચુકવવા હું ૨૧ વર્ષ બાદ સિવિલ દાવો કરૂં, એ વાત સામાન્ય રીતે ગળે ઉતરે તેવી નથી. મેળાપીપણામાં મારા હક્કો નષ્ટ કરવા ઊભા કરેલા બોગસ બક્ષીસ દસ્તાવેજની જાણ થતાં મેં સિવિલ દાવો કર્યો છે. અડધી જમીનના વેચાણ અવેજની સંપૂર્ણ રકમ મારા ભાઈએ મને ઉછીની આપ્યાનો કોઈ સ્વતંત્ર અને કાનૂની પુરાવો મારા ભાઈ પાસે ન હતો અને નથી. ઉછીની રકમ ખરેખર આપી જ હોય તો ઉછીની રકમ આપ્યાની તારીખ-મહિનો-વર્ષ અને આંકડાનો ફોડ કેમ પાડતા નથી? ઉછીની રકમ આપ્યાનો તેમના ઈન્કમટેક્સ રિટર્નમાં ઉલ્લેખ છે ખરો?

તા.૬/૧૦/૨૦૧૯ ની જાહેર ચેતવણી, તા.૧૨/૩/૨૦૨૬ ની નોટીસ, ડોક્ટર દંપતિને કરી આપેલ વેચાણ દસ્તાવેજમાં રહેલી સીધી કબૂલાત અને બક્ષીસ દસ્તાવેજમાં મારા ભાઈ-ભત્રીજાની આડકતરી કબૂલાતનો જાહેર જવાબમાં કોઈ ખુલાસો આપ્યો નથી કારણ કે, છે જ નહીં.

મારા ભાઈ-ભત્રીજા પાસે ઉપરોક્ત સવાલોના જવાબ નથી અને પોતાની વાતના કોઈ પુરાવા નથી. મારી તા.૭/૪/૨૦૨૬ ની જાહેર ચેતવણી ફરીથી વાંચી-સમજી જવા મારા ભાઈ-ભત્રીજાને જાહેરમાં વિનંતી કરૂં છું. જેથી તેઓ પોતાનું થતું વધારાનું નુકસાન અટકાવી શકે. કોઈએ મારા ભાઈ-ભત્રીજાના કાનૂની આધાર વિનાના જવાબથી ગેરમાર્ગે દોરવાવું નહીં અને જાહેર ચેતવણીવાળા બંગલો અંગે કોઈપણ વહેવાર કરવાથી દૂર રહેવું. જાહેરમાં હાથ ઉછીના વહેવારની વાત જણાવી મારા ભાઈ-ભત્રીજાએ જાહેરમાં મારી બદનક્ષી કરવાનો ગુનો કર્યો છે.

જીતેન્દ્ર રણછોડદાસ પટેલ (મહેતા)
મોબાઈલ નં.૯૪૨૭૧-૩૪૧૩૫
તા.૨૬/૪/૨૦૨૬

અસીલની સૂચનાથી, અમારી મારફતે

કશ્યપ બનાતવાળા (વકીલ) મોબાઈલ નં.૯૯૨૪૧-૩૯૩૭૮
સમર્થ કાપડિયા (વકીલ) મોબાઈલ નં.૯૮૭૯૭-૫૭૩૧૩

પશ્ચિમ રેલવે

ઈન્ટિગ્રેટેડ પાવર સપ્લાય વર્ક

Sr. DSTE/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની કચેરી, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400008, ઈ-ટેન્ડર નં.: SG_141_1_72_WA, તારીખઃ 22.04.2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થળઃ વેસ્ટર્ન રેલવેના મુંબઈ ડિવિઝનના વૈતરણા-પાલઘી સેક્શનમાં 15 સ્થળોએ ઈન્ટિગ્રેટેડ પાવર સપ્લાય (IPS)ની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કાર્યની અંદાજિત કિંમતઃ રૂ. 2,16,29,864.71. EMD:રૂ.4,32,600/-સબમિશન માટેનો સમય અને તારીખઃ 18.05.2026ના રોજ 15:00 કલાક સુધી. ખોલવા માટેનો સમય અને તારીખઃ 18.05.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0028

અમને લાઇક કરો : facebook.com/WesternRly

વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલ્કત તેના માલિકો તથા કબજેદારો જીગ્નેશકુમાર વિજયભાઈ પટેલએ તેમની સ્વતંત્ર અને સંપુર્ણ માલિકી તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ વ્યવસ્થા હેઠળની હોવાનુ જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કર્યુ છે, તથા વેચાણ અવેજ પેટે કેટલીક રકમ સ્વીકારી છે. હમારા અસીલ ટુંક સમયમાં પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી, સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો મેળવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે.

:મિલ્કતનું વર્ણનઃ

સુરત ડીસ્ટ્રીકટ, તાલુકો ઓલપાડના, મોજે : ગામ ઈશનપોરના રેવન્યુ સર્વે નં.૧૪૧, ૧૫૪, ૧૫૭ તથા ૧૬૧ જેનો રેવન્યુ બ્લોક નં. ૨૩૩/બ વાળી રહેઠાણના હેતુ માટે બીનખેતી થયેલ જમીન, જેનું રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ ૧ હેકટર ૬૧ આરે ૮૮ ચો.મી. યાને ૧૬૧૮૮ ચો.મી. રહેણાંકના હેતુસર આયોજીત "વિશ્વ વિલા" નામ આપવામાં આવેલ છે તે બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી નીચે જણાવેલ વિગતનો પ્લોટ તેની ઉપરના બાંધકામ સહિત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત. તેમજ આખી જમીનમાં આવેલ નીચેની વિગતે રોડ, રસ્તા, સીઓપી, વિગેરેની જમીનમાં ફાળે પડતા વણવહેંચાયેલા હિસ્સાની જમીનમાં હકક હિસ્સા અને અધિકાર સહિત કુલ્લે દરોબસ્ત.

પ્લોટ નંબર	કે. જે.પી.બાદ રેવન્યુ બ્લોક નં.	મંજુર પ્લાન મુજબનું ક્ષેત્રફળ (ચો.મી.)	સ્થળ મુજબનું ક્ષેત્રફળ	વણવહેંચાયેલા હિસ્સાનું ક્ષેત્રફળ	કુલ ક્ષેત્રફળ ચો.મી.
૧૨	૨૩૩–બ/૧૨	૯૭.૧૪	૧૧૧.૦૧	૭૭.૭૯	૧૮૮.૮૦

સબબ, આથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર મિલ્કત ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ જાતના હકક હીત લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટસ હોય તો તે અંગેના લેખીત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવુ ગણીને સદરહુ મિલ્કતનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી પ્રત્યક્ષ કબજો હમારા અસીલ મેળવી લેશે. ત્યારબાદ કોઈની કોઈ પણ જાતની તર–તકરાર ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૬/૦૪/૨૦૨૬

ચંદ્રસિંહ આઈ. વાંસિયા તથા **રાહુલ આર.પરમાર**
એડવોકેટ એન્ડ નોટરી તે ખરીદનારના એડવોકેટસ
ઓફીસ નં. ૨૧૯, જલ દર્શન ટાવર, બહુમાળી મકાન પાસે, નાનપુરા, સુરત. મો.૯૮૨૫૦૯૧૨૧૯, ૯૬૬૨૫૪૬૪૮૮

જાહેર નોટીસ

મોજેઃ પોપડા, તા. ચોર્યાસી, જી. સુરતના ખાતા નંબર ૮૫, બ્લોક/સર્વે નં. ૧૧૨, જેનું કુલ્લે ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૪૨-૭૦, આકાર રૂા. ૧૬.૧૨ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક **નંદુબેન છીકાભાઈ આહિર તે મોહનભાઈ ભાણાભાઈ આહિરની પત્ની, મોહનભાઈ છીકાભાઈ આહિર, કાંતિભાઈ છીકાભાઈ આહિર, હરીશભાઈ છીકાભાઈ આહિર, ધનસુખભાઈ છીકાભાઈ આહિર, ધનુબેન છીકાભાઈ આહિર તે ઈશ્વરભાઈ રામભાઈ આહિરની પત્ની, ગીતાબેન છીકાભાઈ આહિર તે અરવિંદભાઈ ભાણાભાઈ આહિરની પત્ની** નાએ તેઓની સંયુક્ત માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, સબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને કે વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ, ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા-વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

અમારી સુચનાથી,

નંદુબેન છીકાભાઈ આહિર તે મોહનભાઈ ભાણાભાઈ આહિરની પત્ની
મોહનભાઈ છીકાભાઈ આહિર
કાંતિભાઈ છીકાભાઈ આહિર
હરીશભાઈ છીકાભાઈ આહિર
ધનસુખભાઇ છાકાભાઇ આહિર
ધનુબેન છીકાભાઈ આહિર તે ઈશ્વરભાઈ રામભાઈ આહિરની પત્ની
ગીતાબેન છીકાભાઇ આહેર તે અરવિંદભાઈ ભાણાભાઈ આહિરની પત્ની

તા. ૨૫-૦૪-૨૦૨૬ **અજય જી. પટેલ** (એડવોકેટ)
કણબી વાડ, મુ.પો. અબ્રામા, તા. જલાલપોર, જી. નવસારી. મોઃ ૯૮૨૫૫ ૩૯૪૫૪

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ સોનારી ના બ્લોક /સર્વે ન. ૪૯/૧ જુના રે. સર્વે.નંબર ૬૫ વાળી બિનખેતી જમીન કે જેના ઉપર પ્રિયંકા ગ્રીન સીટી રેસીડન્સીનું આયોજન કરવામાં આવેલ છે. તેમા આવેલ ખુલ્લા પ્લોટ નંબર ૪૦ **(A,B,C,D,E,F,G,H,I,J,I,K,L,M)** કુલ ૧૩ પ્લોટ જેમા ૧ પ્લોટની સાઈઝ ૧૨×૩૫ ચો. ફુટ છે તે ખુલ્લા પ્લોટ વાળી મિલકત (૧) ધર્મિષ્ઠાબા જીતેન્દ્રસિંહ ચાવડા (૨) પૃથ્વીરાજસિંહ જીતેન્દ્રસિંહ ચાવડા (૩) ધર્મજીતસિંહ જીતેન્દ્ર ચાવડા નામે માલીકી અને કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે. ધર્મિષ્ઠાબા જીતેન્દ્રસિંહ ચાવડા અને ધર્મજીતસિંહ જીતેન્દ્ર ચાવડાના પાવરદાર તરીકે પૃથ્વીરાજસિંહ જીતેન્દ્રસિંહ ચાવડા ચાલી આવેલ છે.પોતાની સ્વતંત્રમાલીકીની અને સ્વતંત્ર કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ અમારા અસીલને વૈચાણથી આપવાનું નક્કી કરેલ છે. તેથી ઉપરોકત વર્ણન અને વિગતવાળી જમીનવાળી મિલકત મા કોઇનો કોઇ પણ પ્રકારનો વાંધો વિરોધ, લાગ-ભાગ, હકક હિસ્સો, હિત, સંબંધ કે દાવો લીયન કે બોજો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં અમારા અસીલ તર્ફે અમોને ફોન અથવા રૂબરુ મળવું તેમ થવામાં કસુર થયેથી સદરહું ઉપરોક્ત વર્ણન અને વિગતવાળી મિલકતમાં કોઇનો કોઇ પણ પ્રકારનો વાંધો, વિરોધ કે બોજો નથી તેમ માની ઉપરોક્ત જમીનનો પાકો વૈચાણ દસ્તાવેજ અમારા અસીલના નામે કરાવી લેવામાં આવશે.ત્યારબાદ કોઇની પણ તર તકરાર, વાંધો-વિરોધ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ નં.-એફ-૧૧, સુખ-અમૃત શોપીંગ સેન્ટર, વેલંજા-હજીરા રોડ, ઉમરા, સુરત. મો.નં. ૯૫૩૭૧ ૧૧૯૦૩.

જયોત્સના એચ. મારકણા
(બી.એ.એલ.એલ.બી)
તે ખરીદનારના એડવોકેટ એન્ડ નોટરી

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીશ

નીચે જણાવેલી મિલકત **શ્રીમતિ જશવંતી પ્રફુલ પટેલ,** રહે.: ૧૫, મેઘદુત સોસાયટી, અઠવાઈન્સ, સુરતના પોતાની માલિકીનું હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ કરવા માંગે છે. સદરહુ ખરીદનારાઓ આ મિલકત હમારી અસીલ બેંકમાં ગીરોમાં મુકવા માંગે છે. આ મિલકત અંગેનો વેચાણ દસ્તાવેજ નં.: ૧૦૭૧૯ તા.: ૧૬/૦૭/૨૦૧૨ પાર્શ્વ એન્ટરપ્રાઈઝ, એક ભાગીદારી પેઢીના ભાગીદારોના પાવરદાર તરીકે શ્રી અજયભાઈ ભરતભાઈ શાહએ કરી આપેલ છે, તે પાવર અસલ તેમજ તેની નકલ તેઓનાં જણાવ્યા અનુસાર ગેરવલ્લે મુકાઈ ગયેલ છે. તેમજ મજકુર મિલકત અંગેનો અગાઉનો અસલ વેચાણ દસ્તાવેજ નં.: ૯૩૭૫ તા.: ૧૦/૦૯/૨૦૦૪ તથા તેની અસલ નોંધણી રસીદ તેઓનાં જણાવ્યા અનુસાર ગેરવલ્લે મુકાઈ ગયેલા છે. મજકુર અસલ ટાઈટલ ડીડસ તથા પાવરનાં આધારે કોઈનાં પણ હકક-અધિકારો આ મિલકત ઉપર ઉભા થયેલા હોય કે કોઈને વાંધા યા તર-તકરાર હોય યા કોઈપણ શખ્શનાં હકક-અધિકાર અન્ય રીતે હોય કે આ મિલકતના ચોખ્ખા-માર્કેટેબલ બોજા સિવાયના ટાઈટલ સામે વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધીથી **દિન-૮(આઠ)** માં તેવા વાંધા-હકક-અધિકાર અંગેના કાયદેસરના પુરાવાઓ નીચે જણાવેલા સરનામે આપી જવા. મુદત દરમ્યાન કોઈનાં વાંધા વિગેરે આવશે નહીં, તો મિલકતનાં ટાઈટલ અન્ય કોઈના બોજા સિવાય, ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું અને સદરહુ અસલ ટાઈટલ ડીડસ તથા પાવર ખરેખર ગેરવલ્લે મુકાઈ ગયેલાનું માનીને તથા તે બાબતે કોઈને વાંધો નથી કે કોઈનાં હકક-હિત નથી અને હોય તો જતા કરેલાં છે, એમ સમજીને તેમજ સદર પાવર જે-તે સમયે અમલમાં હતો એમ સમજીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. નોટીશના સમય બાદ કોઈનાં વાંધા યા હકક-અધિકાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

મિલકતનું વર્ણન : જી. સુરત, ગામ ઉમરાના રે.સ.નં.: ૨૦/૩/અ, ૨૧/૨/બ, ટી.પી. સ્કીમ નં.: ૫ (ઉમરા-નોર્થ), એફ.પી.નં.: ૧૩૭ વાળી જમીન ઉપર આવેલ **ગોલ્ડન સ્કવેર** ના **હાયર ગ્રાઉન્ડ ફલોર** ઉપર આવેલ **પાર્ટ બી** વાળી મિલકત.

સરનામું : જી/૧, "તારાનોમ", બી-વિંગ, લાલભાઈ કોન્ટ્રાકટર કોમ્પ.ની પાછળ, નિલકંઠ મહાદેવ મંદિરની બાજુમાં, નાનપુરા, સુરત. સમય સવારે ૧૦ થી સાંજે ૮

અસીલની સુચનાથી
સંદીપ ડી. નાયક
એડવોકેટ

સુરત ડિસ્ટ્રીકટ, રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રીકટ અડાજણના મોજે જહાંગીરપુરાના બ્લોક નં.૭૩ તથા બ્લોક નં.૯૯ તથા મોજે વણકલાના બ્લોક નં.૧૦૪/અ વાળી જમીનો અંગે જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

સુરત ડિસ્ટ્રીકટ, રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રીકટ અડાજણના મોજે જહાંગીરપુરાના બ્લોક નં.૭૩ તથા બ્લોક નં.૯૯ તથા મોજે વણકલાના બ્લોક નં.૧૦૪/અ વાળી જમીનો પરસોત્તમભાઈ હિરાભાઈની માલીકીની ચાલી આવેલી. તેઓના અવસાન બાદ સદરહુ જમીનમાં મારા અસીલો તેમજ ઉર્મિલાબેન ઉર્ફે નીરૂબેન તે પરસોત્તમભાઈની છોકરીનો પણ વણવહેંચાયેલો હકક, હિત, હિસ્સો, કબજો ચાલી આવેલો છે. જે હકક, હિત, હિસ્સા અંગે મારા અસીલોએ કદી કોઈ વ્યવસ્થા કરેલ નથી કે તે અંગે કદીપણ કોઈપણ ઈસમની તરફેણમાં કોઈપણ પ્રકારનું લખાણ કરી આપેલ નથી. ઉપરોકત તમામ જમીનો અંગે ઉર્મિલાબેન ઉર્ફે નીરૂબેન તે પરસોત્તમભાઈની છોકરીએ સદરહુ જમીનોમાં ચાલી આવેલા તેમના હકક, હિત, હિસ્સો છુટા પાડી વહેંચણ કરાવવા સુરતની સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૪૭૯ સને ૨૦૧૫ નો દાવો માંડેલો અને તે દાવામાં મારા અસીલોને પણ પ્રતિવાદી તરીકે જોડેલા છે. આમ, સદરહુ તમામ જમીનોમાં ઉર્મિલાબેન ઉર્ફે નીરૂબેનની જેમ મારા અસીલોનો પણ પરસોત્તમભાઈ હિરાભાઈના વારસદારોની હેસીયતમાં હકક, હિત, હિસ્સો, કબજો લાગુ પડે છે.

સદરહુ જમીનો અંગે ઉપરોકત નંબરનો દાવો પેન્ડીંગ હોય તેવી જમીનો અંગેના વ્યવહારને લીસ પેન્ડન્સનો સિધ્ધાંત લાગુ પડે છે. જેથી સદરહુ જમીનો અંગે નામદાર કોર્ટની પરવાનગી વિના ત્રાહિત ઈસમો સાથે કોઈપણ પ્રકારના વ્યવહારો થઈ શકે નહી. તેમ છતાં સદરહુ દાવાના પ્રતિવાદીઓ પૈકી તેજસભાઈ ઠાકોરભાઈનાઓએ મોજે જહાંગીરપુરાના બ્લોક નં.૭૩ થી નોંધાયેલી જમીન પિયુષ લાલજીભાઈ સુતરીયા તથા V.I.LIFE SPACE LLP નામની ભાગીદારી પેઢીને વેચાણ કરી દીધેલ છે. તે જ પ્રમાણે મોજે જહાંગીરપુરાના બ્લોક નં.૯૯ થી નોંધાયેલી જમીન ઉત્તરો ઉત્તરના વ્યવહારો થકી આખરમાં નીતાબેન ભદ્રેશચંદ્ર વિગેરેઓ ખરીદ કરેલ છે. સદરહુ જે તે ખરીદનારાઓની તરફેણમાં થયેલા તમામ વેચાણ દસ્તાવેજો મુળથી ખોટા, નિરર્થક અને ગેરકાયદેસરના છે અને તેવા દસ્તાવેજોની રૂએ સદરહુ જે તે જમીન ખરીદનારાઓને કોઈ માલીકી હકક કે કબજો પ્રાપ્ત થતા નથી.

ઉર્મિલાબેન ઉર્ફે નીરૂબેને સદરહુ દાવો વહેંચણ માટે કરેલો હોય, વહેંચણના દાવામાં દાવાના તમામ પક્ષકારોની સંમતી વગર દાવામાં સમાધાન કરી શકાતું નથી કે દાવો પરત ખેંચી શકાય નહી. તેમ છતાં હાલમાં મારા અસીલોની જાણમાં આવેલ છે કે, ઉર્મિલાબેન ઉર્ફે નીરૂબેન મારા અસીલોના સરદહુ જમીનોમાંના હકકો ડુબાડવાના ઈરાદે તે દાવાના અન્ય પ્રતિવાદી તેજસ ઠાકોરભાઈ પટેલ તથા બ્લોક નં.૭૩ વાળી જમીનના ઉપરોકત ખરીદનારાઓ સાથે મેળાપીપણામાં સમાધાન કરીને સદરહુ જમીનો પૈકી મોજે જહાંગીરપુરાના બ્લોક નં.૭૩ વાળી જમીન પુરતી દાવામાં કાર્યવાહી કરવાની થતી ન હોવાનું નામદાર કોર્ટમાં પુરસીસ આપી જાહેરાત કરેલ છે, જે વિરૂધ્ધ મારા અસીલોએ નામદાર કોર્ટમાં વાંધો નોંધાવેલો અને નામદાર કોર્ટે સદરહુ બ્લોક નં.૭૩ વાળી જમીન પુરતી કાર્યવાહી કરવાની રહેતી ન હોવાનું જે પુરસીસ આપેલ તે નામદાર કોર્ટે તેમના હુકમથી રદ કરેલ છે.

ઉપરોકત દાવામાં પ્રતિવાદીઓ ધ્વારા લેવામાં આવેલ બચાવ જોતા જાણે મર્હુમ પરસોત્તમભાઈ હિરાભાઈએ તેમની હયાતીમાં વીલ કરેલ હોય અને વીલની રૂએ મોજે જહાંગીરપુરાના બ્લોક નં.૯૯ થી નોંધાયેલી જમીનમાં વારસાઈની નોંધ પડાવેલ હોવાનું મારા અસીલોને હાલમાં જાણવા મળેલ છે. જેથી તે વીલની રૂએ પાડવામાં આવેલી નોંધ વિરૂધ્ધ મારા અસીલો રેવન્યુ રાહે પ્રકરણો શરૂ કરનાર છે. એટલુ જ નહી મારા અસીલોએ વણકલાની બ્લોક નં.૧૦૪/અ તથા ૧૦૪/બ વાળી જમીનો અંગે હકક, હિસ્સો જતો કર્યા હોવા બદલના કોઈ કબુલાતના લેખ કરી આપેલા નથી કે તેવો હકક જતો કર્યા બદલના કોઈ નાણાં મેળવેલ નથી.

આમ, મોજે જહાંગીરપુરાના બ્લોક નં.૭૩ તથા બ્લોક નં.૯૯ વાળી જમીનો તેમજ મોજે વણકલાના બ્લોક નં.૧૦૪/અ થી નોંધાયેલી જમીનમાં મારા અસીલોનો હકક, હિત, હિસ્સો સમાયેલો હોય અને તે અંગે ઉપર મુજબનો દાવો ચાલુ હોય, ઉપરોકત તમામ જમીનોમાંના મારા અસીલોનો હકક, હિત, હિસ્સાને અસર થાય તે રીતે કોઈપણ ઈસમે ઉપરોકત જે તે જમીન અંગે કોઈપણ ઈસમ સાથે કશા પ્રકારના વ્યવહારો કરવા નહીં. આમ છતાં, જો કોઈ ઈસમ સદરહુ જમીનો અંગે જો કોઈ વ્યવહાર કરશે તો તેઓને તેવી જમીનમાં કોઈ માલિકી હકક કે ટાઈટલ પ્રાપ્ત થશે નહીં. એથી ઉલટું તેઓને મારા અસીલોના સદરહુ જમીનમાં ચાલી આવેલા હકકો ફસ્ટ્રેટ કરવાના ઈરાદે તેવા વ્યવહાર કરેલા હોવાનું માનવાને કારણ રહેશે. એટલું જ નહી તેવા ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની મારા અસીલોને ફરજ પડશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી. સદરહુ જાહેર નોટીસ કોઈ નિર્દોષ વ્યકિતને નાહકના કાનુની પ્રકરણોમાં સંડોવાવું ન પડે તે હેતુંથી પ્રસિધ્ધ કરાવેલ છે.

ઓફીસ નં. ૩૦૧–૩૦૨, ત્રીજો માળ, કોર્પોરેટ એવન્યુ, ડો. માણેકજી સ્ટ્રીટ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૫–૭૦૫૯૩

વિપુલ બી. કનસાડવાલા
તે પાર્વતીબેન તે પરસોત્તમભાઈ હીરાભાઈની પુત્રી તથા મર્હુમ વાલીબેન ઉર્ફે વસુમતીબેન તે પરસોત્તમભાઈ હીરાભાઈની પુત્રીના વારસોના એડવોકેટ

નવસારી ઉધોગનગર સહકારી સંઘ લિ.માં આવેલ "દેસાઈ ફાઉન્ડર્સ" ભાગીદારી પેઢીના પ્લોટ નં.ટી-૧૩ તથા ટી-૧૪ તથા ટી-૧૫ તથા ડી-૧૧ વાળી મિલકતો પચાવી પાડવા નયનભાઈ દેસાઈ તથા તેમના પુત્ર ઉદયભાઈ દેસાઈનાઓએ કરેલા "ષડયંત્રો" બાબત

ગંભીર જાહેર ચેતવણી

ડિસ્ટ્રીક્ટ નવસારીના મોજે : વીજલપોરનાં રે.સ.નં. ૨૪૩ થી નોંધાયેલી જમીનમાં નવસારી ઉદ્યોગનગર સહકારી સંઘ લિ.માં આવેલા પ્લોટ નં.ટી-૧૩ તથા ટી-૧૪ તથા ટી-૧૫ તથા ડી-૧૧ વાળી મિલકતો સંઘ દ્વારા વર્ષો અગાઉ અમારા અસીલની જાણકારી મુજબ "દેસાઈ ફાઉન્ડર્સ" ભાગીદારી પેઢીને ફાળવવામાં આવેલ તથા તે બાબત દેસાઈ ફાઉન્ડર્સને તા.૧૫/૧૨/૧૯૭૯ ના અરસામાં શેર નં.૯૫૬૫ થી ૯૫૯૫ મુજબ રૂા.૫૦/-ના એક એવા કુલ્લે ૧૩૦ શેરો પણ ફાળવવામાં આવેલા હતા તથા મજકુર સંઘ ધ્વારા સદર મિલકતો મારા અસીલને લાંબાગાળાના લીઝ હક્કે એલોટ કરાયેલ અને તે મિલકતો મારા અસીલ ભાગીદારી પેઢીના કબજા હક્કે ચાલી આવેલ.

દરમ્યાનમાં, સદર ભાગીદારી પેઢીના અન્ય ભાગીદાર એવા મારા અસીલના ભાઈ **નયનભાઈ દોલતરાય દેસાઈ**નાઓએ સંઘના ચેરમેન તથા ડીરેકટર પદે રહીને તેમના હોદ્દાનો અને વગનો ભરપૂર દુરૂપયોગ કરીને સંઘમાંની હમારા અસીલની તમામ મિલકતો પચાવી પાડવા **તેમના પુત્ર ઉદયભાઈ નયનભાઈ દેસાઈ** સાથે મળીને ષડયંત્રો કરીને સંઘમાં ખોટા દસ્તાવેજી પુરાવા / ઠરાવો ઉભા કરી-કરાવી તદ્દન ગેરકાયદેસર રીતે તેવી મિલકતો પોતાના તથા પોતાના પુત્ર ઉદયભાઈના નામે અને અન્ય ત્રાહીત **પારસકુમાર માનમલ દલાલ, કિશોર રતિલાલ તન્ના, પરમાનંદ નમઉમલ કાંજાણી, હિનેશભાઈ મનોહરભાઈ સોમૈયા તથા એક સબરસ ફુડ પ્રોડકટસ નામની ભાગીદારી પેઢી અને તેના ભાગીદારો પ્રદિપકુમાર ઠાકોરદાસ કંસારા, પંકજકુમાર ઠાકોરદાસ કંસારા, દક્ષાબેન કૌશિકકુમાર કંસારા, મિતુલકુમાર કૌશિકકુમાર કંસારા, હિરેન કૌશિકકુમાર કંસારા, આનંદ પ્રદિપભાઈ કંસારા, દર્શનાબેન પ્રદિપભાઈ કંસારા, નંદાબેન પંકજભાઈ કંસારા** વિગેરેનાઓના મેળાપીપણામાં તેઓના નામે તદ્દન ગેરકાયદેસર રીતે લીઝ ઉભા કરી, ટ્રાન્સફર કરી-કરાવી નાંખેલ છે. સદર તમામ બાબતે મારા અસીલે તાજેતરમાં મજકુર નયનભાઈએ કરેલા ષડયંત્રોના ભાગરૂપે નવસારી સંઘ ધ્વારા કરવામાં આવેલ ઠરાવો અને તેના આધારે કરેલ લીઝડીડ તથા સંઘના દફતરે કરેલ ફેરફાર / ટ્રાન્સફર ગેરકાયદેસર અને રદબાતલ ઠરાવવા તથા તેવી તમામ કાર્યવાહી રદબાતલ ઠરાવવા વિગેરે દાદ મેળવવા માટેનો એક લવાદી દાવા નં. ૦૯/૨૦૨૬ વાળો દાવો શ્રી નવસારી ઉદ્યોગનગર સંઘ લી. તથા **મજકુર નયનભાઈ દોલતભાઈ દેસાઈ તથા ઉદયભાઈ નયનભાઈ દેસાઈ**ના વિગેરે વિરૂધ્ધ તા.૧૮/૦૪/૨૦૨૬ના રોજ મહે.વલસાડના બોર્ડ ઓફ નોમીનીઝ સાહેબની કોર્ટમાં દાખલ કરેલ છે.

જે દાવાના કામે વાદીની મનાઈ અરજી મંજુર કરીને દાવાવાળી મિલકતો (નવસારી સંઘમાં આવેલ પ્લોટ નં. ટી-૧૩ થી ટી-૧૫ તથા પ્લોટ નં. ડી-૧૧) બાબતે યથાવત પરીસ્થિતિ જાળવી રાખવા તથા અન્ય કોઈને ટ્રાન્સફર, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારે ટ્રાન્સફર કરવા-કરાવવા નહિ તે રીતનો મનાઈ હુકમ ફરમાવેલ છે.

મજકુર નયનભાઈ તથા ઉદયભાઈએ કરેલા ષડયંત્રો બાબતે તેઓ બંને વિરૂધ્ધ વિજલપોર પોલીસ સ્ટેશન માં ગુના રજી.નંબર પાર્ટ - A - ૧૧૮૨૨૦૨૨૨૨ થી તા.૧૮/૦૨/૨૦૨૨ ના રોજ એફ.આઈ.આર.પણ નોંધાયેલ છે.

ઉપરાંત, સદરહું મારા અસીલની ભાગીદારી પેઢીના ધંધાના વિસર્જન તથા હિસાબ વિગેરે દાદ મેળવવા પણ મારા અસીલ મહાદેવભાઈ દોલતરાય દેસાઈ (દેસાઈ ફાઉન્ડર્સ - ભાગીદારી પેઢીના અન્ય ભાગીદાર) નાઓએ અગાઉ નવસારીની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૧૨૯/૨૦૧૬ થી મજકુર નયનભાઈ વિરૂધ્ધ એક દાવો કરેલો, જે દાવો પણ મારા અસીલની તરફેણમાં તા.૧૩/૦૪/૨૦૨૩ ના રોજ મંજુર થયેલ છે અને નામદાર અદાલતે પ્રાથમિક હુકમનામું પણ દોરેલ છે. પરંતુ, તેનો પણ મજકુર નયનભાઈએ આજદિન સુધી અમલ કરેલ નથી.

સદર તમામ ગંભીર હકીકતે, નવસારી ઉદ્યોગનગર સહકારી સંઘ લિ.માં આવેલા પ્લોટ નં. ટી-૧૩ તથા ટી-૧૪ તથા ટી-૧૫ તથા ડી-૧૧ વાળી મિલકતોમાં મારા અસીલની લેખિત સંમતિ વિના કોઈએ કોઈ વ્યવહારો કરવા-કરાવવા નહીં, અન્યથા તેવા વ્યવહાર કરનારને પણ નાહકના કોર્ટ પ્રકરણો તથા ફોજદારી કાર્યવાહીમાં સંડોવાવું પડશે અને તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહી, જેની લાગતાં વળગતાંએ તથા જાહેરે સ્પષ્ટ અને ગંભીર નોંધ લેવી.

સુરત. તા.૨૫-૦૪-૨૦૨૬
ઓફિસ : ૩૦૧-૩૧૧-૩૧૨, પ્રોટોન પ્લસ, ક્રોમાની ઉપર, ખોડીયાર માતાના મંદિરની સામે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯. મો.નં.- ૯૮૨૪૫૦૬૬૪૩ / ૭૮૭૪૯૬૦૬૧૩

જનક ઠાકોરભાઈ દેસાઈ
કવન જનકભાઈ દેસાઈ
તે
"દેસાઈ ફાઉન્ડર્સ" - ભાગીદારી પેઢીના ભાગીદાર શ્રી શંભુભાઈ ગાંડુભાઈ દેસાઈના એડવોકેટસ્